૫૫૯૯

સંસ્થાન ધ્રાંગધ્રાના શ્રીમન્ મહારાજાના આશ્રિત.

વૈદ્ય. હેમરાજ વિ. હરિભાઈ

પ્રણીત.

# गीतामृत भाग १ लो.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈદ્ય. અમૃતલાલ હરિભાઈ.


અમદાવાદ.

"આર્યોદય" પ્રેસ.

કીમત રૂ. ૦-૧-૦

સન ૧૮૯૩.

ઠેકાણું શ્રીમદ્ ગજાનનપ્રસાદ ઔષધાલય.-ધ્રાંગધ્રા.

# ॐ गीतामृत प्रारम्भः

## भाग १ लो.

### मंगळाचरण.

सार्दूलविक्रीडितम्.

લીધું છે નવનીત ચોરિ કરમાં બાલ સ્વરૂપેં હરિ,
જોતાંમાં નિજ બિંબને મણિતણા સ્તંભેજ શંકા ધરી;
જાણી અન્ય કુમાર વાણિ વદતા તું મિત્ર મારો ખરે,
આપું અર્ધ ન અન્યને સુચવતો તે તારિ રક્ષા કરે. ૧
ગંગાની લહરી અતી ઉછળતી શંભુ જટાને ધરી,
શુણ્ડા દંડ ભરી ઉરાડિ ફરતો ફેરેથિ ક્રીડા કરી;
લીધો હર્ષ ધરી ઉમા શિવજીએ જોતાં ધરી બાથમાં,
તે તું શ્રીગણનાપતિ શુભ કરી રહેજે અમો સાથમાં. ૨
વીણા જંત્ર બજાવતી તું જનની ક્રીડા કરી નાટિકી,
ચિત્તાકર્ષણકારિણી ભગવતી માલા ધરી સ્ફાટિકી;
વાણી તું વરદાયિની સરસ્વતી સર્વે હરો આપદા,
જાણી મીન સમો અતી દિન ગણી થાજે તું વારિ સદા. ૩

જાણું ભેદ ન કાવ્યના ન રચના લેશે કવિનો નથી,
ભકતી શ્રી ભગવાનના ચરણુની જાણું ન કાંઈ કથી;
ગૌરી શંભુ ગણેશને પ્રણુનમું દે-વાણિ જો તું મતી,
ગાવા નંદકુમારને મન થકી, ધારી રહ્યો છું ઉરથી. ૪

## અથ બિરહ બારમાસિ ૧.

સજ્જન તેરે બાગમાં જાતી.—એ રાગ.

ઓધૌ બ્રિજમે જુબિથાઆઈ કહે। બ્રિજનાથકો જાઇ,
કાતિક કંથ બિના કૈસો, હિયેમે શૂલહી જૈસો;
નહીં પાતી પ્રભુકી પાઇ, કહો બ્રિજનાથકોં જાઇ. ૧
અગહન આંચ લગી બહકી, સહું નાહિ પીરકી ચહકા;
નિઠુરકી જાનિ નીકાઈ, કહોં બ્રીજનાથકોં જાઇ. ૨
મરતગન પૌષકે જોહા, હતે ઉરમિ કાલવત કોહા;
રહ્યો નાહિં જાય ઇસ ઠાઇ, કહોં બ્રીજનાથકોં. ૩
માઘ મન મિલવે ચાહે યોં, ચાતુકી સ્વાતાબિંદુ જયોં;
મીન જલ બીન ફીનાઇ, કહોં બ્રીજનાથકોં. ૪
ફાગુન ફુલ રહી કલિયાં, સખી સબ બાગમે મિલિયાં;
અલી પિચકી ઇક ફિકાઇ, કહોં બ્રીજનાથકોં. ૫
માસ મધુ મૌન લિયો ધારી, કહા કહું મેનકી મારી;
યહી ઋતુ ગ્રીષ્મ કયોં આઈ, કહોં બ્રીજનાથકોં. ૬
માધવ તાપ તપે ભારી, મોરઉર આગ જયોં ડારી;
કુસુમ કુમલા ગયે જાઇ, કહોં બ્રીજનાથકોં. ૭
જેઠકી પીર પીયા જાનો, અરજ ઉર કયોં નહીં આનો;

કહે અશરીર ઇત આઇ, કહોં બ્રીજનાથકોં. ૮
ઉમંડ આષાઢ યોં મઘવા, તરફ તડિતા કરે અભવા;
કુહૂકર કોકિલા ગાઇ, કહોં બ્રીજનાથકોં. ૯
સાવન નભબુંદ બરખાયે, મોર મન બાનરત ભાયે;
નેનઝર નીર કીલાઇ, કહોં બ્રીજનાથકોં. ૧૦
બાદો ભોંન સોહાવેનાં, પ્રાન ઘટમે રહાવેનાં;
ચોંક ચિતલી ન્હે ચાઇ, કહોં બ્રીજનાથકોં. ૧૧
આશ્વિન આપ આઓનાં, તજે મેં પ્રાન પાઓનાં;
સહોં અબ કૈસિ જૂદાઇ, કહોં બ્રીજનાથકોં. ૧૨
અધિક આયો અધિકરૂવે, દુઃખ ઇતદ્દ ગુનો કરૂવે;
અરજ હીમરાજકી લાઇ, કહોં બ્રીજનાથકોં જાઇ. ૧૩

## બિરહ બારમાસિ ૨ જી.

છલકર છાંડ ગયે પિયા મોરા એ રાગ.

છલ જો કિયો સખિ માધોહસિકે છોરિહિમે કુબજાસંગ બસિકે છલ.
કાતિક કંસ અરિબિન આલી, મેં હતભાગિનિ ભૈહાં દુખારી;
જબજબ યાદ આય સખિ ઉનકિ, તબતબ ભરહું બિલોચનબારી. છલ. ૧
અગહન માસમેં કાંપન લાગી, સહિ હુનૂ જાત બિરહકીરે આગી;
કૈસે કરૂં સખિ કાહુ ન સૂઝે, નિરદઇયાંસો જાઇ કો બૂઝે. છલ. ૨
પોષ માસ પિયબિન તન લરજે, સીત સમીરહિ કોનાં બરજે;
બ્યાધકિનાઇ બયારી મારે, ભૌં ન છુપે અશરિર બિદારે. છલ. ૩
માઘ માસ પિય આયન પાતી, થહરત પ્રાન તરક ગઇ છાતી;
ખાનન બાસર નીંદન રાતી, મારત મેન ગહીકર કાતી. છલ. ૪

ફાગન ખાગન ભાગન હેલી, રંગ ઉડાવત બાલનવેલી;
છૂટત ગુલાલ હાથપિચકારી, તકતક ડારત પિયપર પ્યારી. છલ. ૫
સુમન માસ મધુ ઉપવન ગુંજે, મત્ત મિલિંદ જહાં તહાં ગુંજે;
કેશુક પુંજ પલાસહિ લાગી, દ્રગ દરસાત જલાત જનુ આગી. છલ. ૬
માધવમાસ આસ મિલવેકી, સુગન સેજ મંદીર સજનેકી;
આસ ગઈ અત બાસર બીતે, કૌ સાગર અસમેનદી જીતે. છલ. ૭
જેઠ માસ જ્વાલા બિરહનકી, જારિ કરે સબ ખાક બદનકી;
મિત બિરહ દિન દિન દુખ દુનારે મદ ગાન જ્વત લઠ કર્યેનાં. છલ. ૮
આય અષાઢ ઉમડત અતબાદર, ડરપાત પ્રાન ભયે અતિકાદર;
ચમક ચમક ચપલા ચિહું ઓરા, પિયબિન ડાગ લગે તન મોરા છલ. ૯
સાવન સેજ સ્વપ્ન પિય આયે, ભેટત બાક ભરીરે મન ભાયે;
ચોંકત નીંદ ચમક ઉઠ જાગી, જારન લાગી તબે બીરહાગી. છલ. ૧૦
ભાદોં ઘોર ઘટા ચઢિ ભારી, ગરજત તરજત પ્રાન અટારી;
સૂઝ પરેન રેન અતિકારી, મોરન સોર કરેજ કટારી. છલ. ૧૧
કવારમાસ પિય આઇ મિલેતે, સબ દન દુખદ ગયેહિ તબ તે તે;
બૂઝ ગઇ તબહી બીરહાગી, બ્રીજપત પાઇ પ્રેમરસ પાગી. છલ. ૧૨
માસ બાર બાલ તનિ ભારી, પ્રભુમિલ કિન્હપૂર સુખકારી;
મિલિ હિમરાજ કહે રામેશ્વર, કરહીં સદા મંગલ મુરલીધર. છલ. ૧૩

## ગરબી.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ.

ભ્રમર તું કપટી રે ક્યાંથી આવિયો,
અળગો રહેજે અડીશ નહીં અમ અંગજો;

જાણ્યું સંદેશો લાવ્યો શ્યામનો,
અમે ન કરીએ હવે તમારો સંગજો. ભ્રમર તું કપટી રે. ૧
કાળો છું અંગે રે સંગી શ્યામનો,
ગાન કરે કેમ આવીને અમ પાસજો;
નથી રે વળવાનું તારૂં એક રતી,
આશ ધરી ઉર જાઓ કુબજાવાસજો. ભ્રમર તું કપટી રે. ૨
સ્વર્ગે મૃત્યુ લોક પતાળે કોણ છે,
શ્રીકૃષ્ણના કપટહાસ્ય દુરાપજો;
ચરણ રજ સેવે રે લક્ષ્મી જેહનું,
તેની પાસે શો છે અમારો માપજો. ભ્રમર તું કપટી રે. ૩
દીન ઉપર અનુકંપા કાંઈ છે કાનને,
કેમ કટારી કર ધરી આ વારજો;
બાળાને ગરદાર મારી જોરથી,
ઉત્તમ શ્લોક કેમ કહિયે નંદકુમારજો ભ્રમર તું કપટી રે. ૪
ગુંજારવ કરતો રે ચરણે કેમ પડે,
જાણ્યું કારણ દુત કરી હરિ પ્રીતજો,
સામળિયે શીખામણ આપી મોકલ્યો,
મીઠાં વચનો મુખભરી ધરી રીતજો. ભ્રમર તું કપટી રે. ૫
ભરોંસો કેમ કરિયે ઉરમાં તાહરો,
શિખિ ચરિત્રને અભ્યો આણે ઠામ જો;
કાનુડા માટે રે તજ્યું સાસરૂં,
સગાં સહોદર તજ્યાં સુખનાં ધામ જો. ભ્રમર તું કપટી રે. ૬
ઉછેરી નાખ્યાં રે બળતી આગમાં,

મધ્ય દરિએ જઇ મુકયાં કૈડલ હામજો;
કાંઈ તું રાખીશ માં મનમાં ઓરતો,
એ અપરાધી કેવાં કૂડાં કામ જો. ભ્રમર તું કપટી રે. ૭
અમારે કાનાથી કારજ શું રહ્યું,
ચિત્ત ન એનું નિરમમાંહિ લગાર જો;
જાદુગર ખેલાડી મારી મોહની,
તરછોડીને જાતાં ન લાગેલ વારજો. ભ્રમર તું કપટી રે. ૮
મધુકર કેમ આવ્યો પાસે તું ફરી,
નવી સખિઓ તેની હમણાં નેહજો;
તેઓની પાસે જઇ ગાને ગીતને,
શિરપાવ આપે અગણિત તમને તેહજો. ભ્રમર તું કપટી રે. ૯
આલિંગન આપ્યુંરે જેને ભુધરે,
રોગ હરી કરી કંચનના સમ કાયજો;
દાસીને વશ થઇને વહાલો જ્યાં રહ્યા,
જાઓ ત્યાં તમ પૂરા મનોરથ થાયજો. ભ્રમર તું કપટી રે. ૧૦
એવું નવ ઓચરજે મુખથી માવજી,
વહાલો તમને સંભારે દિન રાતજો;
કામાગ્ની પીડેછે વિઠ્ઠલરાયને,
કાનાને કોણ દુર્લભ શું અમજાતજો. ભ્રમર તું કપટી રે. ૧૧
કથા ને કીરતન જે કરીયે નેમથી,
દુઃખ ધરંતા કેમ તજ્યું તે જાયજો;
વશ્યોછે અંતરમાં સરવે લોકના,

ગુણ ગોવિંદના ચૌદભુવન ગવાયજો. ભ્રમર તું કપટી રે. ૧૨
પૂર્વે જે કર્મોને કરિયાં શામળે,
તે સાંભરતાં ઉપજે અમને ત્રાસજો;
વાળી જે મારીરે મારે જોરથી,
વણવાંકે કેમ ખેંચી કાઢચો સ્વાસજો. ભ્રમર તું કપટી રે. ૧૩
પારાધી મૃગ મારે લોભીમાંસજો,
કેશવને કેમ તે દીન નોતું ભાનજો;
વરવાને આવેલી પૂર્ણજ પ્રીતથી,
સૂર્પણખાના છેધા એણે કાનજો. ભ્રમર તું કપટી રે. ૧૪
નાસાને છેદી એ નીતી આદરી,
સીતાજીને વાસી વરસ વન બારજો;
બલીનું સર્વસ્વ હરીયું હેતથી,
વામન રૂપે હરિ ધરી અવતારજો. ભ્રમર તું કપટી રે. ૧૫
વશ કર્યા વનમાંરે રેમીયાં રંગથી,
અમે ન કીધલ તે દીન એનો તોલજો;
મોહનના મુખડાંમાં લોચન ઠારતાં,
પાન કરતાં એના અમૃત બોલજો.. ભ્રમર તું કપટી રે. ૧૬
જાદવમાં પાંમ્યો છે હાંસી માંવજી,
વાત હરીની કેમ કરે બહુ વારજો;
પ્રિય સખા લાગે છે તું ભગવાનજો,
વિનય ધરે ક્યમ અમને જાણિ ગમારજો. ભ્રમર તું કપટી રે. ૧૭
શાંમાટે આવ્યો છું પુજું પ્રેમથી,

આપું માગો જે પુરૂ મનની હામજો;
મેળવવા માધવને આવ્યો તેડવા,
વિચારી મન કહેજે આણે ઠામજો. ભ્રમર તું કપટી રે. ૧૮

વક્ષસ્થલ અરપ્યું રે પ્યારે પ્રેમથી,
વાલે ઘસાવ્યું રૂદે રમાનું ધામજો;
પોતે તો પ્યારી રે પેખી પ્રેમદા,
કેમ તજે તે શું અમથી છે કામજો. ભ્રમર તું કપટી રે. ૨૦

ગુરૂકુલથી આવીને જાદવના પતી,
મધુપુરીમાં કુશળ છે કહો રામજો;
વીસારી વ્રજવનિતા કેરી વાતડી,
સંભારે છે અમને કોઇ દીન શ્યામજો. ભ્રમર તું કપટી રે. ૨૧
હરી સુત હીમરાજની અરજી એટલી,
અગર સરજે સુગંધી તમ હાથજો;
મોહનજી મસ્તકપર ધરજ્યો પ્રેમથી,
જુએ વાટડલી સર્વે વ્રજનો સાથજો. ભ્રમર તું કપટી રે. ૨૧

## ગરબી.

રાગ સંદેસાનો.

કાગળિયો વાંચી રે વેહેલા આવજો,
અમ આંખડિએ આસુડાંની ધારજો;
વિયોગે પીડા રે ઉપજે અંગમાં,
પ્રાણ રહ્યો તમ આશ ધરી કિરતારજો. કાગળિયો. ૧

એક ઘડી ઘરમાં રે પ્રભુ નથી ગોઠતું,
માછલડી જેમ જલ વિણ તરસે તનજો;
તમારા જન્મેથી વ્રજનો જય થયો,
દરશન કરવા દસદીશ ખોળે મનજો. કાગળિયો. ૨

દરશન દેજો અમને જાણી દાસીઓ,
આવિ ઉગારો કરો કેશવ કાજજો;
પ્રફુલ્લિત કમળોના સરખાં લોચને,
વિણ વાંકે કેમ વધ કર્યો મહારાજજો. કાગળિયો. ૩

તરછોડી મારી નવ માનો માવજી,
અમે આહીરડાં રંક અમારી જાતજો;
આશાએ અટકીને રહીએ ક્યાં લગી,
ક્યાં જઈ કહીએ દુઃખડલાંની વાતજો. કાગળિયો. ૪

જમુનાના જળમાં જઈ વિષથી વાસતાં,
નિર્મલ કીધલ નિરને નાથલ નાગજો;
ભય હર્યો એક પલમાં વ્રજના લોકનો,
તે કેમ વિસરે અંતર રૂડના ડાગજો. કાગળિયો. ૫

અજગરના મુખથી જઈ ઉગાર્યા નાથજી,
માર્યો અઘાસુર મચાવ્યો સંશજો;
ક્રોધ કર્યો દેવેન્દ્રે વ્રજપર જઈ ઘડી,
વિઠ્ઠલ વારે ચડીયા ધર્યો ભૂધરજો. કાગળિયો. ૬

તમમાંથી કરૂણા એ સઘળી ક્યાં ગઈ,
કેમ વિસાર્યા અમને એકાવારજો;

પોવાનાં જાણી રે પાછું પેખિયે,
અમારે એક તમતણો આધારજો. કાગળિયો. ૭
અવગુણ છે અમમાંરે કહિયે કેટલા,
રાખો નહીં પ્રભુ મનદે કંઈ રીસજો;
અધરામૃત આપીને કાપો કષ્ટને,
ગોકુળ વેલા વળજ્યો શ્રી જગદીશજો. કાગળિયો. ૮
કરજોડી હિમરાજ કહેછે કાનજી,
કઠણ થયા કેમ નાવી તમને રહેમજો;
અબળાના આધાર શરણ છો લોકના,
કેમ ઘટે કહો આવું તમારે એમજો. કાગળિયો. ૯

## ગરબી.

રાગ સંદેશાનો.

જે દીવસ વૃજમાંરે ચારી ગાવડી,
વનમાં ગાતા મોરલીએથી ગીત જો;
પદપંકજ પીડાતું કંકર કંટકથી,
તે સંભારી અગની ઉઠે ચીત જો. જે દીવસ વૃજમાં રે. ૧
નિશ્ચેથી કેમ કહિયે જદુંસાદા નંદ છો,
સર્વ વિશ્વના અંતર્યામી આપજો;
પૃથ્વીના રક્ષણને માટે પ્રેમથી,
બ્રહ્માજીએ જપ્યો તમારો જાપજો. જે દીવસ વૃજમાં રે. ૨
જાદવના કુળમાં રે જન્મ્યા શ્રીહરી,
સુંદર વાણી સુધા ધર્યા મુખમાંય જો;

પ્રફુલ્લિત પંકજનાં સરખી આંખડી,
દરસન કરવા દીલડું બહુ અકુળાયજો. જે દીવસ વ્રજમાં રે. ૩
એકાન્તિક હાંસી જે તારી નાથજી,
ફરે અમારે લીન થઇ દીન રાતજો;
સારડીયે સાર્યાં રે કાળજ કાપિયું,
ક્ષોભ કરે ઉર સાંભરતાંમાં વાતજો. જે દીવસ વ્રજમાં રે. ૪
સંધ્યાની વખતે રે વનથી આવતા,
પ્રીતે પ્યારા લેતાં તારૂં નામજો;
ધેનુની પદરજથી સુંદર શોભતું,
કમલવદન તારૂં અમને પ્રગટે કામજો. જે દીવસ વ્રજમાં રે. ૫
મુખડલું જોતાં રે દુખડાં વીસરે,
ધારી રહ્યાએ ધણી તમારી ધાકજો;
વેરણ જે પાંપણ આ પલકું મારતી,
વાધી વેરી કરમતણો એ વાંકજો. જે દીવસ વ્રજમાં રે. ૬
બાઇને બોળાઇ સ્વામી સુતજે,
સગા સંબધી સરવે તજ્યો સાથજો;
સંકેતે મળતાંરે તમને વિઠ્ઠલા,
દયા ધરજ્યો દિલમાં છો અમનાથજો. જે દીવસ વ્રજમાં રે. ૭
ધ્યાન ધરે શિવ બ્રહ્મા જોગી જેહનું,
નમન કરતા પુરે મનોરથ જેહજો;
પદપંકજ તારૂં જે દુર્લભ દેવને,
ભૂખણ અમસ્તપર ધરજો તેહજો. જે દીવસ વ્રજમાં રે. ૮
રહેવાની બોમીછે એ શૃંગારનું,

વેણૂ ચુંબિત શોક તણૂ હરનારજો;
અધરામૃત એવું છે વાહાલાં તાહારૂં,
અમને આપો એ વસ્તુ છે સારજો. જે દીવસ વ્રજમાં રે. ૯
કરૂણાયું કરજોરે કમળાના પતી,
કાગળ કરમાં ધરજો રાખી પ્રીતજો;
વાંચીને વેહેલારે વાહાલા આવજ્યો,
હિમરાજ ગાયે ગોવિંદ તારૂં ગીતજો. જે દીવસ વ્રજમાં રે. ૧૦

## ગરબી.

### ઓધવજી ગોપીઓને કહેછે.

રાગ સંદેશાનો.

સાંભળજો સંદેશો કહિયે સુંદરી,
શોક ન ધરશો સમજૂ સરવે નારજો;
પ્રીતમને પ્રીતલડી તેમમાં છે ઘણી,
સંભારે છે વીઠલવીરૂ ગવારજો. સાંભળજો. ૧
કુશળતા પુછી છે વ્રજના લોકની,
વળી કહ્યું છે વાલે મારે અમને;
વરતો છું અંતરમાં સરવે લોકના,
શોક ન કરશો સમજો રાખી પ્રેમજો. સાંભળજો. ૨
માયા જે વ્યાપી છે મારી વિશ્વમાં,
જુઓ વિચારી આતમજ્ઞાન સ્વરૂપજો;
અળગો રહી ઉપજાવું દેહ અનંતને,

સ્થાવર જંગમ રહે અમારૂં રૂપજો                    સાંભળજો.
બ્રહ્મા શિવ આરાધે દરશન કારણે,
ષટ્ દરશન નવ પામે મારો ભેદજો;
નથી હું તમથી રે અળગો અદઘડી,
કેમ કરોછો સમજુ મનકે ખેદજો.                    સાંભળજો. ૪
સર્વે છો વૈષ્ણવ રે વ્રજની સુંદરી,
હું સેવકનો થઇ રહ્યોછું દાસજો;
તમારૂં મનમંદીર મારૂં માનજો,
નિશદિન રહિયે અમો તમારી પાસજો.                    સાંભળજો. ૫
તમારૂં મનડું રે મોહનમાં મળ્યું.
કહે ઓધવજી પુણ્ય તણો નહિં પારજો;
જગતને શરણાંગત ચરણો તમતણા,
તમે કરીયાં જપ તપ સાધન સારજો.                    સાંભળજો. ૬
સદેશો સાંભળતાં સુખને પામિયાં,
વહાલે મારે રૂડું કીધલ કામજો;
યાદવનો અરિ માર્યો મામે કંસને,
રૂદે અમારે રહેજો એ ઘનસ્યામજો.                    સાંભળજો. ૭
ગોકુળથી કુશલતા પૂછી ચાલિયા,
ઓધવ આવ્યા મથુરાં ધરિ પ્રીતજો;
સમાચાર કીધા રે સરવે શ્યામને,
ગાયે હરીસુત ગોવિંદ તારૂં ગીતજો.                    સાંભળજો. ૮

## રાગ ધીરાનો.

ઉત્તર આપો ઓધારે મોહન વિના શું કરિએ;

મુકી ચાલ્યો માવો રે શું કીધું આ શ્રીહરિએ. ઉત્તર, ટેક.
ઘર કે બાહેર ઘડી ન ગોઠે નાથ વિના થઇ ઘેલી,
કોઇ કામ કે કાજ ન સુઝે રૂદે સારડિયું મેલી;
દગો દિધો અમને રે આંખે આંસુડાં ભરિયે. ઉત્તર. ૧
દોશ કર્મનો કેને દેવો પ્રીત કરી ફલ લીધ,
અમગતી હરી પાસ ન પહોંચે કુબ્જા દલાસા દીધ,
અગ્ની ઉરમાં લાગી રે ધીરજ કેમ કરી ધરિયે. ઉત્તર. ૨
કુને સોપી કાયાવાડી નિર્દય નંદકુમાર,
જઇ મથુરાં મોહોબ્યું માણે પ્રાણતણો આધાર;
દયા કેવી એને રે પડી પીડા તે સહિયે. ઉત્તર ૩
માળી વિના હવે કોણ અવેરે ફુલ રહ્યાં કરમાય,
અમારી ઉપર વેર હતું શું આવ્યો અક્રૂર થાય;
નીંભેરાણી વાડી રે કહો હવે ક્યાં ઠરિયે. ઉત્તર. ૪
જાદૂગરને એમ ન જાણ્યો અરજ ધરી હીમરાજ,
જઇને કહેજો જરૂર ઓધા દરશન દ્યો મહારાજ;
હરીસુત કહેછે રે ભુલાં ભટકી ફરીયે. ઉત્તર. ૫

## બરવો.

દયાનીધી દયા તોરિપરતો ધરે. એ રાગ. ઉપદેશ.

રઘુપતી દયા તોરિપર તો ધરે, દયાં તોરિપરતો ધરે. રઘુપતી. ટેક.
ત્રિયા ઔરકી તકે ન કબહૂ અધમ પંથ ન પરે,
પ્રભુકે ચરનકમલ ચિત ધરિકે સિયાવર રટન કરે. રઘુપતી. ૧
માયા મમતા માન ન ધરહો હરિકે પંથ પરે,
સંત સમાગમ સોં ગમપાવે જો દંગ આપ ઠરે. રઘુપતી. ૨

દીન ઉપર અનુકંપા કરહો ભવની પાર પરે,
એહ પુરાનહી જાકો ગાયે સમઝિ ન ફેર ફરે. રઘુપતી. ૩
દેહુ ભજન ભક્તી ફલ લેવન કેર ઉચ્ચારો કરે;
હીમરાજ હરીપદ રજ રંજીત યમદૂત દેખિ ડરે. રઘુપતી. ૪

## બરવો–ઉપદેશ.

ચોરાશિકો ફેરો પ્રાણિ તોરો કૈસા ટરે. ચોરાશિકો. ટેક.
કરતં રતન ઉદધિમેં ડારત ફિર નહિં હાથ પરે,
કલ નહિં કલકો પલકે મારત શિરપર કાલ ફિરે. ચોરાશિકો. ૧
કહીં મણિ કલપત પથ્થર પાપી જાની કે કૂપ પરે,
કૂલ્યો જાલ સઠ ખગકીનાઈ છિનભર સાંસ ભરે ચોરાશિકો. ૨
સુધાત્વજી આપહિં વિષ પીવે ચહપીડ કૌન હરે,
પરાતય પેખિ ફિરત કામાતુર કપટ આનિ ઉચરે. ચોરાશિકો. ૩
હીમરાજ હરિસુત યે ગાવે મુખમેં હરી ન ધરે,
અધમ કાજ કરવેકો આતુર કૈસા હ કાજ સરે. ચોરાશિકો. ૪

## વસંત વર્ણન ગરબી.

મારગ મેલને કહું છું કાના ક્યારની જો–રાગ.

કરૂં વિનતિ વસંત કેરી શ્યામને જો,
રહું હૃદેમાં રટન્તિ તારા નામને જો. ટેક.
આવ્યો માસ તે ફાલ્ગુન ભરી ફુલનો જો,
શોભે વનનો સમુહ સુધા મૂલનો જો. કરૂં. ૧
શોભે સરોવરો કમળોથી છાજતાં જો,
દ્રુમો પુષ્પથી છવાઇ ગયાં રાજતાં જો. કરૂં. ૨
જોઇ દુરથી વિયોગ વેદનાં થઇ જો,
બીડી નેત્રને વિલાપ કરૂં હું રહી જો. કરૂં. ૩.

આવી હોરી રંગ રમે સહુ સાજી જો;
અમો રમું કેની સાથ વિના નાથજી જો. કરૂં. ૪
રહી સારીકાને ગાય ગીત કોયલી જો;
પ્રભુ વિના મારે રજની છે દોયલી જો. કરૂં. ૫
કરી શોકને કપાલ હાથ આપીયો જો,
અહી કીંર્શુને લલાટ દીપ થાપીયો જો. કરૂં. ૬
અહી ચૈત્ર માસ પાસ રસ રેલતો જો;
વૃજરાજ ઋતુ વસંત તે ખેલતો જો. કરૂં. ૭
શીતલ મદન સુગંધી વાયુ વાય છે જો;
સહુ કામિનીઓ કામવશ થાય છે જો. કરૂં. ૮
નવ કર્ણિકાર કેરાં પુષ્પ કાનમાં જો;
કરે શમસ્યાયું અલબેલી સાનમાં જો. કરૂં. ૯
રમે નાથ સાથ ગાય ગેય ગીતને જો;
કરે કામ ક્રીડા જેથી ગમે ચિત્તને જો. કરૂં. ૧૦
કરે અંગમાં અનંગ રંગ ભાવને જો;
તેથી કામિનીઓ કરે સહુ હાવને જો. કરૂં. ૧૧
કરે ચંદ્રમા આનંદ સહુ લોકને જો;
કરી અંતર અમારે બહુ શોકને જો. કરૂં. ૧૨
થયો વિધિ મારો વેરી પુર્વે પાપથી જો;
થયો કંથનો વિયોગ કેના શાપથી જો. કરૂં. ૧૩
ધરી મૂળથી વિદ્રુમ રાગ રક્તોમાં જો,
રહ્યો વૃક્ષ તે અશોક શોકશંકિતમાં જો. કરૂં. ૧૪
ધરી શુક મૂખ કીંશુકે વિદારીયું જો,
ઘણા કોકિલોથી મન મારૂં સારીયું જો. કરૂં. ૧૫
કહે હેમરાજ આશ ઉરમાં ધરી જો,
કરી કૃપાને પધારો પ્રભુ શ્રીહરી જો. કરૂં. ૧૬